## જાહેરનામુ

**પોલીસ કમિશનર,અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૩ (એન),૩૬(ઈ) (એ) અને ૩૮ મુજબના હુકમ**

**ક્રમાંક : ગ/ઉપક/લાયસન્સ શાખા/ ૭૭ /૨૦૧૮ તા. ૮/૧૦/૨૦૧૮**

અમદાવાદ શહેર ,પોલીસ કમિશનર હકુમત હેઠળના વિસ્તારમાં જાહેર જનતાને થતી હેરાનગતિ અટકાવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(એન),૩૬(ઈ),(એ) અને ૩૮ હેઠળ મળેલ સત્તાની રુએ હું એ.કે.સિંઘ,પોલીસ કમિશનર,અમદાવાદ શહેર આથી ફરમાવું છું કે,નીચે જણાવેલ વિસ્તારમાં **તા:૧૦/૧૦/૨૦૧૮ થી તા:૧૭/૧૦/૨૦૧૮ સુધી** કોઈ પણ ખાનગી કે જાહેર સ્થળે **રાત્રીના કલાક:૧૨:૦૦** વાગ્યા પછી કોઈપણ ગરબા,રાસ-ગરબા કે **કાર્યક્રમમાં માઈક તથા લાઉડ સ્પીકર ચાલુ રાખી** શકાશે નહીં.માઈક તથા લાઉડ સ્પીકરનો ઉપયોગ નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંન્ટ્રોલ) રુલ્સ-૨૦૦૦ ની કલમ- ૫(૨)(૩) ની જોગવાઈઓને આધિન તથા ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના તા:૨૦/૦૬/૨૦૧૮ ના જાહેરનામાં મુજબ રાત્રીના ૧૨:૦૦ વાગ્યા સુધી કરવાનો રહેશે.**રાત્રીના ૧૨:૦૦ બાદ કોઈ પબ્લીક એડ્રેસ સિસ્ટમ / લાઉડ સ્પીકર વગાડવું નહીં.**

### <u>વિસ્તાર</u>

### <u>અમદાવાદ શહેર,પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર</u>

ઉપરોક્ત હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ ,૧૩૪ ,૧૩૫ ૧૩૬ અને ઈપીકો કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રો,આકાશવાણી કે દુરદર્શન ઉપરથી જાહેરાતો કરાવવી.

આજ રોજ તારીખ : ૮ /૧૦/૨૦૧૮ એ મે મારી સહી તથા સિકકો કરી આપેલ છે.

તા.૮ /૧૦/૨૦૧૮
અમદાવાદ શહેર.

City Commissioner of Police * Ahmedabad *

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર.